અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં કુડબીલ સહાય મંજૂર કરવા માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પવછ/૨૦૨૦૧૬/ન.બા.૧૨/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૦૪/૨૦૧૬

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩૦/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૧૩/ન.બા.૨/ગ

(૨) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૨૭/૧૧/૨૦૧૫નો પત્ર નં. આવિ/શિક્ષણ/૧/ફા.નં.૯૫૬/૨૦૧૫-૧૬/વ.૧૭૧૬ થી ૧૭૧૭.

**ઠરાવ:-**

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં કુડબીલ સહાય મંજૂર કરવા માટેની યોજના હેઠળ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના ઠરાવથી હાલમાં વિદ્યાર્થીદીઠ રૂ.૧,૦૦૦/- લેખે ૧૦ માસ માટે કુડબીલ સહાય ચુકવવામાં આવે છે. હાલમાં વધતી જતી મોંઘવારી તેમજ અનાજ, કરિયાણા, શાકભાજી સહિતના ભાવવધારાના કારણે જમવા માટે લોજીંગના ભાવમાં વધારો થવા પામેલ હોય આ વધારાને ધ્યાને લેતાં ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના કમિશનરશ્રી (આ.વિ.)ના પત્રથી આ યોજનામાં ચુકવવામાં આવતા વિદ્યાર્થીદીઠ રૂ.૧,૦૦૦/-ને બદલે આ રકમમાં રૂ.૨૦૦/-નો વધારો કરીને રૂ.૧,૨૦૦/- કરવા માટે સને ૨૦૧૬-૧૭ના વર્ષના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૩ હેઠળ રૂ.૬૦.૦૦ લાખની તેમજ માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ રૂ.૧૨૦.૦૦ લાખની નવી બાબતનો સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આ યોજનામાં ચુકવવામાં આવતા વિદ્યાર્થીદીઠ રૂ.૧,૦૦૦/-ને બદલે આ રકમમાં રૂ.૨૦૦/-નો વધારો કરીને રૂ.૧,૨૦૦/- કરવા માટેની માંગણી ક્રમાંક: ૯૩ હેઠળ રૂ.૬૦.૦૦ લાખની તેમજ માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ રૂ.૧૨૦.૦૦ લાખની સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના હેઠળ જો ભારત સરકાર તરફથી કોઈ ફાળાની રકમ મળવાપાત્ર થતી હોય તો તે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને તદનુસારની જોગવાઈ બજેટમાં કરાવવાની રહેશે.

(૯) આ યોજનાની હાલની આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખ યથાવત રાખવામાં આવે છે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-VKY-૧૫૭ ભોજન બીલ સહાય (૩૫) પોસ્ટ મેટ્રીક વિદ્યાર્થીઓના ભોજન ખર્ચ માટે સહાય આપવા તેમજ માંગણી ક્રમાંક: ૯૩ મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર-૦૪-VKY-૧૫૭ એસ.એસ.સી.પછીના અભ્યાસ માટે કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં ભોજન ખર્ચ સહાય (૧) એન્જીનીયરીંગ અને મેડીકલના વિદ્યાર્થીઓના ફુડબીલમાં વધારો કરવા માટેની નવી બાબત હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણાવિભાગની તા.૭/૦૪/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૧૪/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઈલ.